# મુખ્યમંત્રીના લેટરપેડ બનાવી ચીટીંગ કરનાર સિનિ. ક્લાર્ક ઝડપાયો

## પ્લોટ ફેરબદલ કરવા ખોટા પત્રો બનાવી રૂ. ૩૪.૫૦ લાખનું ઉઘરાણુ કરી છેતરપીંડી આચરી હતી : જુના સચિવાલય માહિતી વિભાગમાં નોકરી કરે છે : પાંચ દિવસના રિમાન્ડ

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મુખ્યમંત્રીના અશોક સ્તંભના સિમ્બોલવાળા ખોટા લેટરપેડ તૈયાર કરી બોગસ સહીઓ કરીને જુના સચિવાલયના માહિતી વિભાગમાં સિનિ. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીએ લાખોની છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. આ મામલે ગાંધીનગર એલસીબીની ટીમે આરોપી સિનિ. ક્લાર્કની ધરપકડ કરી લઈ ઈન્સ્ટ્રોગેશન માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. પ્લોટની હેરાફેરી માટે અલગ-અલગ પાર્ટીઓ પાસેથી રૂ. ૩.૫૦ લાખનું ઉઘરાણુ કરવામાં આવ્યું હતું.

સોલા ખાતે રહેતા જસતવંતભાઈ રતીલાલ પટેલે ગઈકાલે સુઘડ ખાતે રહેતા અને જુના સચિવાલય બ્લોક નં. ૧૯ માહિતી નિયામકની કચેરીમાં સિનિ. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ગૌતમ પરષોત્તમાઈ પ્રજાપતિ સામે ફરીયાદ નોંધાવી હતી. જશવંતભાઈએ થલતેજ ખાતેની જમીન વેચાણથી લીધી હતી તે જમીનમાં અન્ય વ્યક્તિઓના પ્લોટ ફેરબદલ કરવાના હતા. તે દરમ્યાન ગૌતમ પ્રજાપતિનો ભેટો જસવંતભાઈને થયો હતો. આ કામ પુરૂ કરાવી દેવાની ખાતરી આપી ગૌતમ પ્રજાપતિએ અશોક સ્તંભના સિમ્બોલવાળા મુખ્યમંત્રીના ખોટા



લેટરપેડની નકલ તૈયાર કરી ક્રમ મુજબ ગોઠવીને જશવંતાઈ તથા અન્ય વ્યક્તિઓને આપ્યા હતા. ત્યાર બાદ તેમના કામ કઢાવી આપવાના બહાને ટુકડે ટુકડે રૂ. ૧૮ લાખ જશવંતભાઈ પાસેથી લીધા હતા. તે ઉપરાંત અન્ય એક વ્યકતી કૃણાલ પટેલ પાસેથી દશક્રોઈની શ્રીસરકાર થયેલી જમીનને ફેરવી આપી પરત અપાવવાના બહાના હેઠળ રૂ. ૧.૫૦ લાખ લીધા હતા અને પ્રદિપ પટેલના પ્લોટની ફેરબદલી કરવા રૂ. ૧૫ લાખ મેળવી કુલ રૂ. ૩૪.૫૦,૦૦૦નું ઉઘરાણું સિનિ. ક્લાર્કે કર્યું હતું. જે અંતર્ગત તેની સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦બી મુજબ સોકટર-૭ પોલીસમથકમાં ગુનો નોંધાયો છે. જેને ગંભીરતાથી લઈ એસપીની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે આ તપાસ સંભાળી આરોપી ગૌતમ પ્રજાપતિને તેની સ્વીફ્ટ ગાડી સાથે પકડી પાડ્યો છે. ગાડીમાં તપાસ કરતાં રૂ. ૪ લાખ રોકડા તથા અન્ય જમીનને લગતા પત્રો મળી આવતા તે પણ કબજે કરવામાં આવ્યા છે. આરોપીને કોર્ટમાં રજુ કરતા સઘન પુછપરછ માટે કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કરતા એલસીબીએ ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે નેપાળનું એક પ્રતિનિધિ મંડળ ગાંધીનગરની મુલાકાતે હતું.

● વાયબ્રન્ટ સમીટને લઈ તૈયારીઓ ધીમી ગતિએ શરૂ કરી દેવામાં આવી છે.

● ૧૧ થી ૧૩ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ચારેય તાલુકાઓમાં સરેરાશ ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ત્રણ દિવસમાં ચારેય તાલુકામાં જોઈએ તો દહેગામમાં ૯૬, ગાંધીનગરમાં ૬૧, માણસામાં ૮૪ અને કલોલમાં ૬૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

● ગાંધીનગર ગઢવી સમાજે રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાને મળી તેમની સામે ભરતી કૌભાંડને લઈ થયેલા આક્ષેપો ફગાવી દીધા હતા અને સંપૂર્ણ સમર્થન શ્રી ચુડાસમાને જાહેર કર્યું હતું.

● ખ રોડ અને ઘ-૧ થી ખ રોડને જોડતા માર્ગ પર મોટા ભાગની સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા વસાહતીઓ હવે ત્રાસી ઉઠયા છે.

● ગાંધીનગર જિલ્લાના પૂર્વ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે.કે. પટેલ સહિત ૩૧ ખેતીવાડી અધિકારીઓને નાયબ ખેતી નિયામક તરીકે બઢતીના હુકમ જારી કરાયા છે.

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજયની પ્રા. શાળાના શિક્ષકોને એક ખુલ્લો પત્ર લખ્યો છે.

● મહેસુલી વર્ષની સમાપ્તીને આજે હવે ગણત્રીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વસુલાત માટે તલાટીઓ સાથે બેઠકોનો સિલસિલો ચાલુ થઈ ગયો છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના... આમ તો રસોઈ વાઈફ જ કરતી..., પરંતુ હમણાં ફેસબુક પર મેં તેનો ફોટો અપલોડ કર્યો... તેમાં લાઈક મળ્યા... અને એક જણાંએ તો બહુ જ લાઈક કરી... એમાં તે તેની સાથે જતી રહી...!!

# શહેરના બજારોમાં ગૌરીવ્રતની મીઠાઈ ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા. ૧૪

શુક્રવારના રોજથી શરુ થઈ રહેલા કુમારીકાઓના ગૌરીવ્રતમાં મીઠુ ખાધા વગર ઉપવાસ રાખતી કન્યાઓ માટે બજારમાં ખાસ વિવિધ મીઠાઈ તેમજ સુકી કાતરીનો ચેવડો, આલુ પાપડી, રાજગરાની સેવ સહિત વાનગીનું આગમન થઈ ચુક્યું છે. બજારમાં વ્રત માટે ખાસ કરીને ઉપવાસ કરતી દિકરીઓ માટે રૂ.૨૦૦ થી રૂ.૧૦૦૦ સુધીમાં અનેક વેરાયટી મળી રહેશે. જયારે નગરના ફરસાણના વેપારીઓએ પણ ખાસ તકેદારી રાખી વાનગીઓ તૈયાર કરી છે. જયારે વ્રત હોવાથી શહેરમાં ફન પાર્કનું પણ આગમન થઈ ચુકયું છે. જયારે મોંઘવારીમાં ઉપવાસ કરતી દિકરીઓના માતા-

### દિકરીઓના ગૌરીવ્રત માટે માતા-પિતાનું અલગ બજેટ



પિતાએ પણ સ્પેશ્યલ બજેટ ફાળવવુ પડશે. જયારે ઉપવાસના કારણે ફળમાં પણ ભાવ વધારો જોવા મળ્યો છે.

ગૌરીવ્રતથી વ્રતની સિઝન શરુ થાય છે. જયાપાર્વતી વ્રત, દશામાનું વ્રત, સહિત અનેકવિધ તહેવાર આવતા હોવાથી શહેરના બજારોમાં પણ ધાર્મિક વાતાવરણ સર્જાય છે. વ્રત દરમિયાન ફરાળી વાનગીઓનો દબદબો જોવા મળે છે. જયારે વર્ષો અગાઉ વ્રત દરમિયાન દિકરીઓ રેવડી, મુકતી, સાકર, ગોળ, ટોપરુ અને ફળફળાદી ખાઈને ભકિત કરતી જોવા મળતી હતી. જયારે અત્યારના આધુનિક યુગમાં વ્રત કરતી કુમારીકાઓ પણ અવનવી ફરાળી વાનગી આરોગીને વ્રત કરે છે. બજારમાં ફરસાણના વેપારીઓ દ્વારા ખાસ કુમારીકાઓ માટે સુકી કાતરીનો ચેવડો, આલુ પાપડી, રાજગરાની સેવ, ઘીમાં તળેલા મોળા બફવડા, જયારે ડ્રાયફ્રુટ વાનગીમાં ડ્રાયફ્રુટ કીવી, મેન્ગો, પાઈનેપલ, સહિત ચીકુ હલવો, દુધી હલવો, કોપરાપાક, રસમલાઈ, બાસુંદી, ડ્રાયફ્રુટ લાડુ, સહિતની ફરાળી વાનગી અને મીઠાઈ રૂ.૨૦૦ થી રૂ.૧૦૦૦ માં સુધીમાં ઉપ્લબ્ધ છે. બજારમાં આ વર્ષે ખાસ ગીફટ પેક પણ વિવિધ મીઠાઈના તૈયાર કરવામાં આવ્યા છે. જે નાગરીકો સૌથી વધુ પસંદ કરે છે. મોંઘવારીનો માર કુમારીકાઓના માતા-પિતાને પણ સહન કરવાનો વારો આવ્યો છે. વ્રત માટે ખાસ બજેટ ફાળવવુ પડે તેવી પરિસ્થિતિ જોવા મળી છે. ત્યારે દિકરીઓને વ્રત કરવાની ભગવાન શકિત આપે અને દિકરીઓને વ્રત ફળે તેવી શુભકામનાઓ.

# સંગીતા ચાંડીયાની અભદ્ર ટીપ્પણીથી ભુદેવો આગ બબુલા

### ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીએ મહીલા પ્રમુખ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે પોલીસને ફરિયાદ આપી

ગાંધીનગર તા ૧૪

ગીર સોમનાથમાં આપના જિલ્લા પ્રમુખ સંગીતા ચાંડયાએ બ્રાહ્મણો તેમજ ગાયો વિષે અભદ્ર ટીપ્પણી કરી હોવાનો વીડીયો સોશિયલ મિડીયામાં વાઈરલ થયો છે. જયારે મહીલા પ્રમુખની આ હરકતથી ગુજરાત બ્રહ્મસમાજના આગેવાનો પણ આગ બબુલા બન્યા છે. આ મામલે બ્રહ્મસમાજના મંત્રી દ્વારા મહીલા પ્રમુખ વિરુધ્ધ સે-૭ પોલીસ સ્ટેશનમાં કાયદેસરના પગલા લેવાની માંગ સાથે ફરિયાદ કરી છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીના જણાંવ્યા મુજબ આપના ગીર સોમનાથ જિલ્લાના પ્રમુખ સંગીતા ચાંડયાએ બ્રાહ્મણો તેમજ ગાયો વિષે અભદ્ર ટીપ્પણી કરી હોવાનો વિડીયો સોશિયલ મીડીયામાં વાઈરલ થયો છે. જેના પરિણામે ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજમાં ઉગ્ર આક્રોશની લાગણી વ્યાપી છે. બ્રહ્મસમાજના આગેવાનોએ આ કૃત્યને સખત શબ્દોમાં વખોડી નાંખી પોલીસ કમિશ્નર તેમજ ગૃહ વિભાગને સંગીતા ચાંડયા વિરૂધ્ધ પગલા લેવા રજુઆત કરી છે. ગુજરાત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીએ બદનક્ષી કરતા નિવેદન બદલ તેમની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા અપીલ કરી છે. આ મામલે બ્રહ્મસમાજના ટ્રસ્ટી જીતુભાઈ મહેતા છેલભાઈ જોષી, જયેશભાઈ દવેએ સમર્થન આપી સંગીતા ચાંડીયા વિરૂધ્ધ પગલા લેવા માટે પણ અપીલ કરી છે. સમાજના અગ્રણીઓના જણાંવ્યા મુજબ ચાંડયાએ ભુદેવોની માફી માંગતો વિડીયો પણ જારી કર્યો છે. પરંતુ આ હરકતથી ભુદેવો રોષે ભરાયા છે.

# ત્રણ દિવસ બાદ ઉઘાડ

## તડકો નીકળતા ગૃહિણીઓ રાજી થઈ : બપોર બાદ નજીવો ૬ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૧૪

સતત બે દિવસ વરસ્યા બાદ આજે વરસાદે વિરામ લીધો હતો. સવારે તડકો નીકળ્યો હતો. જો કે બપોર બાદ થોડાક સમય માટે વરસાદી ઝાપટું પડતાં ૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં મેઘરાજા બે દિવસ મન મુકીને વરસ્યા હતા. આકાશમાં વાદળો ઘેરાયા હતા અને ધોધમાર વરસ્યા હતા. ગઈ કાલે પડેલા નોંધપાત્ર વરસાદ બાદ આજે ઉઘાડ નીકળ્યો હતો. વાદળોની જમાવટ ઓછી થતાં સવારથી જ તડકો નીકળ્યો હતો. સતત બે ત્રણ દિવસ સુધી વરસાદ વરસ્યા બાદ આજે ઉઘાડ નીકળતા ગૃહિણીઓ રાજી થઈ હતી. વરસાદી વાતાવરણમાં ન સુકાયેલા કપડાઓને ગૃહિણીઓએ તડકે સુકવવા મુકયા હતા. ઉઘાડ નીકળતા તાપમાનમાં સહેજ વધારો થયો હતો. આજે મહત્તમ તાપમાન ૩૧ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિ.સે.નોંધાયું હતું.જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૫ ટકા અને સાંજે ૯૬ ટકા રહ્યું હતું. બપોર બાદ શહેરના કેટલાક વિસ્તારોમાં નાનુ વરસાદી ઝાપટુ પડયું હતું અને ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## ઘ માર્ગ પર વિટકોસ બસની ટકકર વાગતા કારને નુકશાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી અકસ્માત નોંતરે છે. શહેરના માર્ગો પર અકસ્માતનું પ્રમાણ પણ ચિંતાજનક વધી રહ્યું છે. ત્યારે શહેરના ઘ માર્ગ પર આજે સવારના સુમારે કોર્ટ તરફથી ઘ-૩ તરફ વળાંક લઈ રહેલી કારને ઘ-૪ તરફથી આવી રહેલી વીટકોસ બસની અડફેટે આવી જતા કારને નુકશાન થવા પામ્યું હતું. આ બનાવમાં કોઈને ઈજા થવા પામી ન હતી. પરંતુ અકસ્માતને પગલે મુસાફરોને અધવચ્ચે બસમાંથી ઉતરીને ચાલીને જવાનો વારો આવ્યો હતો.

## ગુજરાતના ક્ષત્રિય ઠાકોર સમાજનું ગૌરવ

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના મોટી શિહોલી ગામના ઠાકોર મહેશ શ્રવણસિંહ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી બોર્ડ ખાતે બેચલર ઓફ મિકેનિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રે સોમિસ્ટર-૮માં ૯.૧૭ એસપી.આઈ. (૯૧.૭૦ ટકા) અને બેચલર ઓફ મિકેનિકલ એન્જિનિયરીંગમાં ૮.૪૫ સી.જી.પી.એ. મેળવી ઉત્તીર્ણ થયેલ છે. તેઓએ સમગ્ર ગુજરાતના ક્ષત્રિય ઠાકોર તથા શિહોલી મોટી ગામનું ગૌરવ વધારેલ છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર બન્યા છે.

## ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી કરાઈ

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા-દૂધ ઉત્પાદક સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી માટે તાજેતરમાં એક બેઠક મળી હતી. જેમાં મંડળીના ચેરમેન તરીકે શામળભાઈ રામાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન પદે રમણભાઈ આશારામ રાવલની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત હાલમાં મંડળીની વ્યવસ્થાપન કમિટીના સભ્યો તરીકે ભરતભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, કિરિટભાઈ પટેલ, જેસિંગભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, યોગેશજી ઠાકોર વગેરે કાર્યરત સેવા બજાવી રહ્યા છે. આ સાથે ગામના અગ્રણી ગોરધનભાઈ પટેલના પ્રમુખ સ્થાને બીજી બેઠક અગાઉ મળી હતી. ત્યારે મંડળીના ઓડિટર તરીકે મહેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ, શકરાભાઈ ફકીરભાઈ પટેલ તથા વિનુભાઈ પશાભાઈની નિમણુંક કરી હતી. આમ સામાન્ય સભામાં સભાસદો માટે ભાવફેરની રકમની બહાલી આપવામાં આવી હતી.

# વાવોલ સરકારી પ્રાથમિક શાળાના નવીન મકાનનુ લોકાર્પણ કરાયું

## ધારાસભ્ય અશોકભાઈ પટેલે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી શાળાના વિકાસ કામ માટે ત્રણ લાખ ફાળવ્યા

ગાંધીનગર, તા. ૧૪

વાવોલ ગામની પ્રાથમિક શાળાના નવીન અદ્યતન બનેલ મકાનને ખુલ્લુ મુકતા ધારાસભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે મારી ગ્રાન્ટમાંથી શાળાના વિકાસ માટે રૂ. ૩ લાખની ગ્રાન્ટ ફાળવુ છુ.

વાવોલ ગામની સવાસો વર્ષથી વધુ જુની સરકારી પ્રાથમિક શાળાના નવીન મકાનને આજે ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે દીપ પ્રગટાવી ખુલ્લુ મુકેલુ જાહેર કર્યુ હતુ. આ મકાન સર્વ શિક્ષા અભિયાન હેઠળ રૂ. ૧ કરોડ કરતા વધારે ખર્ચે અદ્યતન ૧૪ રૂમનું પાકુ મકાન બનાવવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના તબક્કાવાર સરકારી પ્રાથમિક શાળાના તમામ મકાનો પાકા બનાવતી સરકારની પ્રતિબદ્ધતાથી વિગતવાર માહિતી ધારાસભ્યએ આપી હતી.

દિન પ્રતિદિન ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક શાળાની ગુણવત્તા સુધારવા ઉપરાંત વ્યસનમુક્તિની શીખ આપતાં પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય મેળામાં જે બાળકો ગંભીર બીમારી હોય છે તેને સરકાર તરફથી મળતી સારવારની વિગતવાર રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની ગુણવત્તા ઉત્તમ રહી છે. સાથે સાથે સ્વચ્છતા અભિયાન અંગે પણ વિગતો આપી હતી. અભ્યાસની સાથે રમતગમતનું મહત્વ પણ તેમણે સમજાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ સદસ્ય તાલુકા પંચાયત અને પૂર્વ સરપંચ વિક્રમસિંહ ગોલે વાવોલના વિકાસની રૂપરેખા આપી સરપંચ કમલેશસિંહ ગોલ અને પંચાયતની કામગીરીથી સંતોષ વ્યકત કર્યો હતો અને ગામના વિકાસની પણ માહિતી આપી તેમના તરફથી તેમજ સરપંચ કમલેશસિંહ ગોલ મૂળરાજસિંહ રાણા, સતીશભાઈ ઠક્કર ભોજના દાતા તરીકે તેઓ સૌનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે શાળાના મકાન બનતા જે જે દાતાઓએ પોતાનો અમુલ્ય ફાળો આપ્યો હતો તે તમામનો બુકે આપી શાલ ઓઢાડી વિશેષ સન્માન ગામ અને પ્રાથમિક શાળા પરીવાર તરફથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ તાલુકા સદસ્ય અમરસિંહ ગોલ, વિક્રમસિંહ ગોલ, વિનોદ રાઠોડ, સરપંચ કમલેશસિંહ ગોલ, પ્રગતિ મંડળના મંત્રી રઘુસિંહ ગોલ, પંચાયત સભ્ય જે.ડી. ચારેલ, બી.આર.સી. કો. ઓડિનેટર રાજુભાઈ નાયી, પૂર્વ પી.એસ.આઈ. ઘનશ્યામસિંહ ગોલ, ગાંધીનગર તાલુકા પૂર્વ ભાજપ પ્રમુખ શૈલેષભાઈ પટેલ, એસ.એસ.સી. વાવોલના શ્રીમતી ગંગાબેન ઠાકોર, પુષ્પાબા ગોલ, શાળાના પૂર્વ આચાર્ય ધીરૂભાઈ વાઘેલા, એમ.બી. પટેલ શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલ, એમ.ડી. શાહ પ્રાથમિક શાળાના આચાર્ય જાગૃતિબેન જાની, સોનલબા ગોલ વિગેરે હાજર રહી પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

આ શાળાના મકાનની જમીનનું દાન આપનાર બલુજી નાથુજી ગોલનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રામસિંહ ગોલ, પૂર્વ ડેપ્યુટી સરપંચ અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરેન રાકેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ એમ.આર. પટેલ, કચરાજી કાળુજી ગોલ, ઉમરશા દિવાન તેમજ સામાજીક ન્યાય અધિકારી તજજ્ઞ ચેરમેન એલ.એન. પરમાર વિગેરે આ પ્રસંગે હાજર રહ્યા હતા.

વાવોલ પ્રાથમિક શાળાના આચાર્ય દક્ષાબેન મકવાણાએ સ્વાગત પ્રવચન કરતાં સૌ ગામવાસીઓ ધારાસભ્યો પંચાયતના સભ્યો વિક્રમસિંહ ગોલ તેમજ હાજર રહેલા ગ્રામજનો શાળાના શિક્ષકો વિગેરેનો આભાર માન્યો હતો. શિનિ. શિક્ષક બાબુસિંહ વાઘેલાએ આભારવિધિ કરી હતી.

પ્રાથમિક શાળાની બાળાઓએ સ્વાગતગીત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ આ પ્રસંગે રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકાબેને કર્યુંહતું.



# ઉદ્‌ગમ ચેરિટેબલ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદના એએમએ ખાતે ૨૫૦થી પણ વધુ કોર્પોરેટ ઓફિશિયલ્સ અને એનજીઓ પ્રતિનિધિઓ સીએસઆર ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર કોર્પોરેટ એન્ડ એનજીઓ પર ચર્ચા કરવા એકત્ર થયા હતાં. એક દિવસિય કાર્યશાળાનું આયોજન ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર, વિશ્વ યુવક કેન્દ્ર દિલ્લી અને હાર્ટ ફાઉન્ડેશ દ્વારા કરવામાં આવ્યું હતું.

એક દિવસીય સેમિનારનો હેતુ હતો સીએસઆર ક્ષેત્રે કોર્પોરેટ અને એનજીઓ બંને માટે પડકારો અને તકોની ચર્ચા કરી ભવિષ્યનું આયોજન કરવું. કાર્યશાળામાં ઘણાં બધાં પ્રખ્યાત વ્યક્તિઓએ ભાગ લીધો હતો જેમાં શ્રીમતી અનાર પટેલ-પ્રેસિડેન્ટ ગ્રામશ્રી અને ઉદ્યોગ સાહસિક, નિરજ લાલ- સીએસઆર હેડ અરવિંદ લિમિટેડ, ડો. નિતિન શાહ-ચેરમેન હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, ઉદય શંકર- ડિરેકટર વીવાયકે, શ્રીમતી સુશ્મા ઓઝા-ડિરેકટર સ્ટ્રેટેજી એન્ડ સસ્ટેનિબિલિટી અદાણી ફાઉન્ડેશન, ડો. અર્ચના દત્તા-શારદા ટ્રસ્ટ, રૂપી પઠાણિયા- સીએસઆર હેડ યુટીએલ લિમિટેડ, ડો. મોના નારગોલવાલા-કન્સલટન્ટ સીએસઆર એન્ડ સસ્ટેનિબિલિટી, ભારત ઠક્કર- એનજીઓસીએસઆર ડૉટકોમ પૂનમ બત્રા, સ્ટેન્ડ સસ્ટેનેબલ, દિલ્લી. કાર્યશાળાની શરૂઆત ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ કાર્યશાળાના ઉદ્દેશો અને મહેમાનોના શાબ્દિક સ્વાગતથી કરી હતી.




મુખ્ય મહેમાન અનાર પટેલે સંબોધન કર્યું કે એનજીઓ અને કોર્પોરેટ વચ્ચે પાયાનો ફરક છે આથી સમાજમાં બદલાવ માટે બંનેનો સુમેળભર્યો સમન્વય જ પરિણામો લાવી શકે. શ્રેષ્ઠ પ્રક્રિયાઓ તૈયાર કરી તેનાં દ્વારા પારદર્શિતા સાથે કામગીરી થવી જોઈએ. હાર્ટ ફાઉન્ડેશનનાં ડો. શાહે અન્ય સંસ્થાઓ માટે તેમની સંસ્થા દ્વારા આપવામાં આવતી તકો વિશે વાત કરી હતી.

વિશ્વ યુવક કેન્દ્ર, નવી દિલ્હીના ડાયરેક્ટર ઉદય શંકર સિંહે સમગ્ર કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોનો તથા સર્વે પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.